**વેટને સ્થાને જી.એસ.ટી.ના અમલવારી તથા પર્સન્ટેજ રેટ (બી-૧) ટેન્ડર ફોર્મના માપદંડોમાં સુધારો થતા બી-૧ અને બી-૨ ફોર્મના કલોઝમાં સુધારા બાબત**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ SSR-10-2017-50-C
તા.૨૯/૦૮/૨૦૧૭

**પરિપત્ર**

હાલમાં રાષ્ટ્રીય કક્ષાએ જી.એસ.ટી. બીલને મંજુરી મળેલ છે અને તેની અમલવારી તા.૦૧/૦૭/૨૦૧૭થી કરવામાં આવેલ હોઇ ટેન્ડર પ્રક્રિયાના વિવિધ નાણાંકીય પાસાઓના ઢાંચા ઉપર તેમજ તેને આનુષાંગિક પ્રક્રિયા ઉપર થતી અસરને ધ્યાનમાં લઇ ટેન્ડર માટેના ફોર્મ બી-૧ અને ફોર્મ બી-૨ ના કલોઝમાં જરૂરી સુધારા કરવા જરૂરી છે.

વધુમાં પરિપત્ર ક્રમાંકઃTNC-1088-D-347-(7)-C તા.૧૧/૦૭/૨૦૧૭થી રસ્તાના કામો માટે રૂ.૧૨ કરોડ તથા મકાન અને પુલોના કામો માટે રૂ.૧૦ કરોડ સુધીના કામો માટેના ટેન્ડરો પર્સન્ટેજ રેટ (બી-૧) ફોર્મમાં માગવા બાબતનો જરૂરી સુધારો કરવામાં આવેલ હોવાથી ટેન્ડર માટેના ફોર્મ બી-૧ ના કલોઝમાં જરૂરી સુધારા કરવા જરૂરી છે.

ઉપરોકત બંને બાબતોને ધ્યાને લેતા ટેન્ડર માટેના ફોર્મ બી-૧ અને બી-૨ના કલોઝમાં નીચે મુજબના ફેરફાર કરવાના થાય છે.

| EXISTING CLAUSE | AMENDMENT |
| --- | --- |
| ફોર્મ બી-૧ કલોઝ-૭૮<br>ફોર્મ બી-૨ કલોઝ-૭૭<br>ચૂકવવાના બીલમાંથી જે તે સમયે લાગુ પડતો વેટ, ગુજરાત વેટ અધિનિયમ-૨૦૦૩ મુજબની જોગવાઇ મુજબ ચૂકવણાના સ્થાનેથી કાપવાપાત્ર હશે તો તે કાપવામાં આવશે. હાલની જોગવાઇ મુજબ એક કરોડથી વધારે કિંમતના કરારોના કામોમાં એડવાન્સ વેટ (TDS) કાપવાની જોગવાઇ અમલમાં છે. આ બાબત એટ સોર્સ કાપવાને લગતી હોઇ આ અંગેના કાયદામાં વખતોવખત જે ફેરફારો થશે તે મુજબ ટેક્સ કપાત કરવામાં આવશે. ઇજારદારે ભાવો ટેક્સ સહિત ભરવાના હોઇ આ ટેક્સ કપાત મજરે મળવાપાત્ર નથી. (નાણાં વિભાગના તા.૧/૪/૨૦૦૮ના જાહેર નામા ક્રમાંકઃ (જી.એચ.એન.-૧૪) વેટ-૨૦૦૮-એસ-૫૯-બી (૩) (૧) થ | ફોર્મ બી-૧ કલોઝ-૭૮<br>ફોર્મ બી-૨ કલોઝ-૭૭<br>૨૬ |

| EXISTING CLAUSE | AMENDMENT |
|---|---|
| ફોર્મ બી-૧ કલોઝ-૨૪<br><br>Deleted | ફોર્મ બી-૧ કલોઝ-૨૪<br>રૂપિયા એક કરોડથી વધુ રકમના વાઇડનીંગ અને સ્ટ્રેન્થીંગના કામોમાં દરેક સ્તરનું કોમ્પેકશન વ્યવસ્થિત રીતે થાય તે માટે નીચેની કાર્યવાહી અનુસરવાની રહેશે.<br>૨૪.૧ રસ્તાની કરવાની પહેળાઇમાં ધારાધોરણ મુજબ કોમ્પેકશન થાય તે માટે બેબી રોલર ફરજીયાત રીતે લાવી કોમ્પેકશન કરવાનું રહેશે.<br>૨૪.૨ આવા  કામોમાં દરેક સ્તરનું કોમ્પેકશન ધારાધોરણ મુજબ થયું છે. તેની દરેક લેયરે ફરજીયાતપણે ડેન્સીટીમીટરથી ગ્રીડ પ્રમાણે થયાની ચકાસણી ઇજારદારે કરી તેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. આવી ચકાસણી સંબંધિત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી અને મદદનીશ/અધિક મદદનીશ ઇજનેરશ્રીએ પણ  કરવાની રહેશે. ઇજારદારે કરેલ કામની ડેન્સીટી પૂરેપૂરી મળ્યા બાદ જ કિલયરન્સ અપાય અને ત્યારબાદ જ બીજા લેયરની કામગીરી હાથ ધરાય તે જોવાનું રહેશે. ઇજારદારશ્રીને તેમણે કરેલ કામગીરી અંગે જ્યારે પણ બીલની ચૂકવણી કરવાની થાય ત્યારે ઉપરોકત સૂચવેલ પધ્ધતિ પ્રમાણે તે કામ કરવામાં આવેલ છે કે કેમ? તેની ખરાઇ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી પાસે કરાવ્યા બાદ જ બીલનું ચૂકવણું કરવામાં આવશે.<br>(મા.મ.વિ. પરિપત્ર નં. એસ.એસ.આર.-૧૦-૨૦૦૮-૧૮-સી, તા.૧૩/૧૦/૨૦૦૮) |

ઉપરોકત તમામ સુધારાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(એન.જી. પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો. )
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર